**ટાઇફોઇડના ૯૧થી વધુ દર્દી હજી પણ સારવાર હેઠળ**

# ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા ફફડાટ

**ગાંધીનગરમાં** ઇન્દોરવાળી નહીં થાય તે માટે મુખ્યમંત્રી સતર્ક

ગાંધીનગર : ગાંધીનગરમાં ટાઈફોઈડના 108 કેસો નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેની સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલ પણ એક્શન મોડમાં આવી ગયા છે. ગઈકાલે કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહે પણ નવી દિલ્હીથી ફોન પર ડે. સીએમ હર્ષ સંઘવી સાથે વાત કરી હતી. જેના પગલે તેઓ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ તેમના નિવાસસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. ગાંધીનગરના શહેરી વિસ્તારોમાં વધી રહેલા ટાઈફોઈડના કેસોના સંદર્ભમાં મુખ્યમંત્રીએ રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સિવિલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ રોગચાળાને નિયંત્રિત કરવા માટે લેવાયેલા પગલાંઓની વિગતવાર માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટાઈફોઈડના કુલ 108 જેટલા કન્ફર્મ કેસ નોંધાયા છે.

આ આંકડો રાજયના પાટનગર માટે ચિંતાજનક માનવામાં આવી રહ્યો છે. હોસ્પિટલના સત્તાધીશોના જણાવ્યા અનુસાર ગઈકાલે શનિવાર સુધી કુલ 108 કેસ હતા જેમાં 17ને રજા આપી દેવાઈ છે જ્યારે 91 હજી પણ સારવાર હેઠળ છે. આ આંકડા ફક્ત સિવિલ હોસ્પિટલના છે.

મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે કે પ્રદૂષિત પાણી અથવા ખોરાકને કારણે ફેલાતા આ રોગને અટકાવવા માટે શહેરમાં પાણીના સેમ્પલિંગની પ્રક્રિયા તેજ કરવામાં આવે. મ્યુનિસિપલ કોર્પોરેશનને સૂચના આપવામાં આવી છે કે દરેક સેક્ટરમાં ક્લોરિનેશન અને સ્વચ્છતાની તપાસ કરવામાં આવે જેથી રોગચાળો વધુ નહીં ફેલાઈ.

## ગાંધીનગરમાં ઈન્દોર જેવા કાંડની રાહ જોવાઈ રહી છે : અમીત ચાવડા

આજે દાહોદમાં પ્રવેશેલી ગુજરાત કોંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમ્યાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમીત ચાવડાએ કહ્યું હતું કે દાહોદ તાલુકા મથક છે પણ ચારે તરફથી સરકારમાં બેઠેલા નેતાઓનો જે ભ્રષ્ટાચાર છે એનો ભોગ આ જનતા બની રહી છે. એક બાજુ ગટરના પાણી ઉભરાય છે, દૂષિત પાણી પીવાને કારણે આજે આખા ગુજરાતમાં ફરિયાદો છે, ગાંધીનગરમાં લોકો હોસ્પિટલમાં છે, અમદાવાદમાં હોસ્પિટલમાં છે, બધી જ જગ્યાએ લોકો દૂષિત પાણીથી પરેશાન છે. સાથે સાથે આ ફતેપુરામાં જે ગટરો ઉભરાય છે, રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તા છે એ ખબર નથી પડતી. લોકો દ્વારા વારંવારની રજૂઆત છતાં એક પણ સરકારી તંત્ર કે એક પણ નેતા લોકોની તકલીફના નિવારણ માટે આગળ આવતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં નળ નાંખ્યા છે તો જળ નથી અને શહેરોમાં જ્યાં જળ આવે છે તે દૂષિત આવે છે,ગુજરાતના પાટનગર ગાંધીનગર, અમદાવાદ સહિત મોટાભાગના શહેરોમાં ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું હોવાની સતત ફરિયાદો આવી રહી છે. શું ઈન્દોર જેવા મોટા કાંડની રાહ જોવાઈ રહી છે ? આ સમસ્યા સમગ્ર ગુજરાતની છે, તમારા અવાજને બુલંદ કરવાનું કામ કોંગ્રેસ પાર્ટી કરશે અને આ પ્રજાના પ્રશ્નોને છેક વિધાનસભા સુધી લઈ જશે.

**વાલકરોડ પર રહેતા વેપારી સાથે બનેલી ઘટના**

# ઓનલાઇન કંકોત્રી ખોલતા જ 3 લાખ ગાયબ

**નકલી** કંકોત્રી મોકલીને ઠગાઇ કરવાનો સાયબર માફિયાઓનો નવો કીમિયો

સુરતઃ વાલક વિસ્તારમાં સાયબર ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં એક વેપારીને બનાવટી લગ્ન આમંત્રણ કાર્ડની APK લિંક મોકલી ત્રણ અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ. 2.53 લાખ ઉપાડી લેવાયા છે. ઘટનાને લઈને લસકાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

લસકાણા વાલક મિશન રોડ પર આવેલા વૃંદાવન હોમ્સમાં રહેતા વિનુભાઈ મકોડભાઈ નાકરાણીની પુણાગામ-મગોબ આઈમાતા રોડ ઉપર આવેલા પ્લોટ નં. 104 અને 105, ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝાં એમ્બ્રોઈડરીની ફેકટરી આવેલી છે. ગત તા. 10/04/2025 ના રોજ બપોરે 14:30 વાગ્યાના અરસામાં અને ત્યારબાદ તા. 11/04/2025 ના રોજ સાંજે 17:45 વાગ્યાના સમયગાળામાં તેમના મોબાઈલ પર એક અજાણ્યા ઈસમે મોબાઈલ નંબર 9725949970 પરથી બોગસ તથા બનાવટી લગ્ન આમંત્રણ કાર્ડ.apk નામની લિંક મોકલી હતી. વિનુભાઈએ અજાણતાં આ લિંક ખોલી દેતા જ સાયબર ઠગોએ તેમના મોબાઈલની એક્સેસ મેળવી લીધું હતું અને જુદી જુદી બેંકોમાંથી કુલ રૂપિયા 2,53,250 ઉપાડી લીધા હતાં.

### એક સાથે 3 બેંકમાંથી રૂપિયા ઉપડી ગયા

- » બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી રૂ. 96,000
- » બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ. 89,250
- » યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી રૂ. 68,000

# રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષામાં 1,046 ગેરહાજર

**6,356માંથી** 5,310 ઉમેદવાર હાજર

સુરતઃ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની ભરતી માટે આજે તા. 4 જાન્યુઆરી 2026ના રોજ સુરત શહેરમાં યોજાયેલી લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થઈ. કુલ ઉમેદવારો પૈકી 83.54 ટકા હાજરી રહી હતી.

શહેરના કુલ 27 પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં નોંધાયેલા 6,356 ઉમેદવારોમાંથી 5,310 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે 1,046 ઉમેદવારો પરીક્ષા આપવા ઉપસ્થિત રહ્યા નહોતા. આ રીતે કુલ 83.54 ટકા હાજરી નોંધાઈ હતી. પરીક્ષા સવારે 11 થી બપોરે 1 વાગ્યા સુધી યોજાઈ હતી. પરીક્ષાની પારદર્શકતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે GPSC અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કડક સુરક્ષા તથા દેખરેખની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ 27 પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી. આ પરીક્ષામાં પ્રથમ વખત મહત્વપૂર્ણ નવી વ્યવસ્થા તરીકે ઉમેદવારોના ડાબા હાથના અંગૂઠાનો નિશાન OMR શીટ પર લેવામાં આવ્યો હતો, જેના કારણે ઉમેદવારની ઓળખની ખાતરી સાથે ગેરરીતિ રોકવામાં મદદ મળી.

**3જી જાન્યુઆરીએ એક જ દિવસમાં**

# 380 ગુડ્સ ટ્રેનનો ઇન્ટરચેન્જ કરી ફ્રેટ કોરિડોરે રેકોર્ડ સર્જ્યો

**કોરિડોરનો** સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે

સુરતઃ ઉત્તર પ્રદેશ દાદરીથી જવાહરલાલ નહેરૂ પોર્ટ-જેએનપીટી મહારાષ્ટ્ર સુધી ફેલાયેલા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરે ગઈકાલે તા. 3જી જાન્યુઆરીએ એક જ દિવસે કુલ 380 માલગાડીઓનો ઇન્ટરચેન્જ કરી નવો ઇતિહાસ સર્જ્યો હતો. અગાઉ આ રેકોર્ડ 14 સપ્ટેમ્બર 2025ના રોજ 378 ટ્રેનો સાથે નોંધાયો હતો. ઝડપી માલ પરિવહન , વિશ્વસનીય ડિલિવરી અને વધુ મજબૂત સપ્લાય ચેઇનથી ‘મેક ઇન ઇન્ડિયા’ અને નિકાસ ક્ષેત્રને પણ મોટું પ્રોત્સાહન મળશેનો આશાવાદ રેલવે અધિકારીઓ દ્વારા વ્યકત કરાયો છે. આ સફળતાને DFCCILના અધિકારીઓએ ઓપરેશન, સિગ્નલિંગ, ટ્રેક્શન અને મેન્ટેનન્સ ટીમોના ઉત્તમ સંકલનનું પરિણામ ગણાવ્યું હતું.

વધતી માંગ વચ્ચે પણ ટ્રેન સંચાલનને સુરક્ષિત, સમયબદ્ધ અને સુચારૂ રાખવું મોટો પડકાર હતો, જેને ટીમોએ સુવ્યવસ્થિત આયોજનથી સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. આ ઐતિહાસિક સિદ્ધિથી કોરિડોરની વધતી ક્ષમતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે, તેમજ ભારતનું ફ્રેટ રેલ નેટવર્ક નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું હોવાનો સંકેત પણ મળે છે.

આ રેકોર્ડ DFCCILની ઓપરેશનલ એક્સેલન્સ અને સ્કેલેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉત્તમ ઉદાહરણ છે. આવનારા સમયમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દેશના આર્થિક વિકાસમાં વધુ મહત્વની ભૂમિકા ભજવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સુરત ટેક્સટાઇલ, ડાયમંડ, કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોનું મહત્વનું કેન્દ્ર છે.

પશ્ચિમ ભારતનો વિશેષ રેલવે કોરિડોરનો સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે. માલસામાનની અવરજવર વધુ ઝડપી બનશે, ટ્રાન્ઝિટ ટાઇમ ઘટશે અને માલ પરિવહન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.

### રેલવે કોરિડોરથી ઉદ્યોગ, નિકાસ અને દેશની અર્થવ્યવસ્થાને ગતિ મળશે

સુરતઃ વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર મુખ્ય હેતુ પેસેન્જર ટ્રેનોને અલગ રાખીને માલ પરિવહનને વધુ ઝડપી, સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવવાનો છે. માલગાડીઓ માટે બનાવેલો પશ્ચિમ ભારતનો વિશેષ રેલવે કોરિડોર, જે ઉદ્યોગ, નિકાસ અને દેશની અર્થવ્યવસ્થાને ગતિ આપે છે.

### માલગાડીઓ માટે રેલ કોરિડોરની મુખ્ય વિશેષતા

-દાદરી (ઉત્તર પ્રદેશ)થી જવાહરલાલ નહેરૂ પોર્ટ-જેએનપીટી(મહારાષ્ટ્ર) સુધી ફેલાયેલો
-ગુજરાતમાંથી પસાર થતો મહત્વનો રૂટ, જેમાં સુરત, વડોદરા, અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તાર જોડાય છે
-ભારે અને લાંબી માલગાડીઓ ચલાવવા માટે હાઈ કેપેસિટી ટ્રેક
-ઇલેક્ટ્રિફાઇડ રૂટ, આધુનિક સિગ્નલિંગ અને ઓટોમેટેડ સિસ્ટમ
-ઝડપી ટ્રાન્ઝિટ ટાઇમ અને ઓછો માલ પરિવહન વ્યવસ્થા ખર્ચ

**પાંડેસરા, ઈકો ટેક્સટાઇલ પાર્ક, પલસાણા, કડોદરા અને સચિનના ઉદ્યોગકારોને લાભ મળશે, સુરત ટેક્સટાઇલ ક્લસ્ટરની**

# સુરત શહેર જિલ્લાની ઈન્ડસ્ટ્રીઝને એક જ નેટવર્કમાં લાવવામાં આવશે

**પાંડેસરા** GIDC ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળીની અધ્યક્ષતામાં ટેક્સટાઇલ અગ્રણીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક મળી



સુરતઃ સુરત ક્લસ્ટર ડીપ સી પ્રોજેક્ટનો લાભ 400થી વધારે ટેક્સટાઈલ પ્રોસેસિંગ, વિવિંગ ઈન્ડસ્ટ્રી અને કેમિકલ, ફાર્મા, એગ્રો ઉદ્યોગોને થશે. કડોદરા જીઆઈડીસી, ઈકો ટેક્સટાઈલ પાર્ક, પલસાણા જીઆઈડીસી, પાંડેસરા જીઆઈડીસી અને સચિન જીઆઈડીસીના યુનીતોને એક નેટવર્ક હેઠળ લાવવામાં આવશે.

પાંડેસરા GIDC ખાતે વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળીની અધ્યક્ષતામાં ટેક્સટાઈલ ઉદ્યોગ અગ્રણીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં આ નીર્ણય લેવાયો હતો. ઉદ્યોગોનાં દૂષિત પાણીને ટ્રીટ કરીને દરિયામાં છોડવાનો પ્રોજેક્ટ ડીપ સી પ્રોજેક્ટમાં હવે ગતિ આવી છે. સ્ટેક હોલ્ડરોના નાણાકીય યોગદાનનો મામલો પણ ઉકેલાઇ ગયો છે. આ પ્રોજેક્ટને ગુજરાત મેરીટાઈમ બોર્ડની NOCને કારણે પ્રોજેક્ટ અત્યાર સુધીમાં અટકી પડ્યો હતો.

# નર્મદ યુનિ.ની ABVPની નવી કારોબારી જાહેર

**જર્નાલિઝમ** અને માસ કમ્યુનિકેશન વિભાગમાં વિજય મહાજન અધ્યક્ષ, આશિષ તિવારી મંત્રી તરીકે વરાયા



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) નર્મદ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા વર્ષ 2025-26 માટેની નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી છે.

જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન વિભાગમાં ABVPના અધ્યક્ષ તરીકે વિજય મહાજનની પસંદગી કરવામાં આવી છે, જ્યારે આશિષ તિવારીને મંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. વિજય મહાજનના નેતૃત્વ હેઠળ વિભાગીય કારોબારીમાં ઉપાધ્યક્ષ તરીકે વિપુલ જોશી (મહારાજ) અને શાહુ અમિત કુમારની વરણી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા કન્વીનર તરીકે સંદીપ રાજપૂત, લાલકૃષ્ણા ત્રિવેદી અને યોગેન્દ્રસિંગ ઠાકુરની નિમણૂંક કરાઈ છે. તે ઉપરાંત, યુનિવર્સિટી સ્તરે ABVPની વર્ષ 2025-26ની કારોબારીમાં VNSGUના અધ્યક્ષ તરીકે કૃતિક પટેલ અને મંત્રી તરીકે જુહી દલાલની વરણી કરવામાં આવી છે. ઉપાધ્યક્ષ, સહમંત્રી સહિત કુલ 200 જેટલા વિદ્યાર્થીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

**તાપ્તી ગંગા એક્સપ્રેસ થાવે સુધી લંબાવી**

# સૂરત-મહુવા ટ્રેન હવે 30 મિનિટ વહેલી ઉપડશે

**બાંદ્રા**-સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસને ઉમરગામ, ભુજ-બાંદ્રા કચ્છ એક્સપ્રેસને પાલઘર સ્ટોપેજ અપાયું

સુરતઃ અનેક લાંબા અંતરની ટ્રેનોની કનેક્ટિવિટી, હોલ્ટ અને સમયપત્રકમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા હોવાનું પશ્ચિમ રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે. બાંદ્રા ટર્મિનસ-સૂરત ઇન્ટરસિટી એક્સપ્રેસને ઉમરગામ રોડ સ્ટેશન, ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસને પાલઘર સ્ટેશન પર હોલ્ટ અપાયો છે. પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ નવા વર્ષથી લાગુ સમયસૂચિ મુજબ બાંદ્રા ટર્મિનસ-સૂરત ઇન્ટરસિટી એક્સપ્રેસ (12935/12936)ને ઉમરગામ રોડ સ્ટેશન પર નવો હોલ્ટ આપવામાં આવ્યો છે.

ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ (22955/22956)ને પાલઘર સ્ટેશન પર હોલ્ટ મળતાં ઉત્તર ગુજરાત અને મુંબઈ પરા વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. તાપ્તી ગંગા એક્સપ્રેસ (19045/19046) અગાઉ છપરા સુધી જતી આ ટ્રેન હવે થાવે સુધી લંબાવવામાં આવી છે, જેના કારણે બિહારના આંતરિક વિસ્તારો સુધી સીધી રેલ સુવિધા મળશે.

પરિણામે સૂરતમાં કાર્યરત પ્રવાસી મજૂરોને ટ્રેન બદલવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળશે.સૂરત-મહુવા ટ્રેન હવે 30 મિનિટ વહેલી ઉપડશે. જ્યારે સૂરત-ભુસાવળ એક્સપ્રેસ 10 મિનિટ વહેલી ચાલશે.

### ટ્રેનમાં ચોરી કરતી સાસી ગેંગના 5 રીઢા ઝડપાયા

સુરતઃ સુરત રેલવે પોલીસે સાસી ગેંગના પાંચ રીઢા ચોરની અમદાવાદ રેલવે પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી આજે બપોર બાદ કોર્ટમાં રજૂ કરાયા હતા. કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ આપ્યા હતા. આ સાસી ગેંગએ સુરત રેલવે સ્ટેશનમાં ટ્રેનમાં કરેલી બે ગુનાની કબૂલાત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. રેલ્વે પોલીસના જણાવ્યા મુજબ આરોપી રાજવીર ઓમ પ્રકાશ સાસી, જગદીશચંદ્ર મલનદાસ સાસી, મેનપાલ સાધુરામ સાસી, સતવીર બનવારી સાસી, સની નરેશ સાસીની સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના ગુનાના કામે ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકીએ સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં પણ ચોરી કરી હોવાની કબૂલાત કરતાં સુરત રેલ્વે પોલીસે ટ્રાન્સફર વોરંટથી પાંચેય આરોપીનો કબજો મેળવી આજે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ ટોળકીની રેલવે પીઆઇ મીઠાપરાના માર્ગદશન હેઠળ પીએસઆઇ ચૌધરીએ સઘન પૂછપરછ હાથ ધરી છે.

### હરિયાણાના વતની સાસી અટક પરથી સાસી ગેંગ નામ પડ્યું

હરિયાણાના વતની સાસી અટક ધરાવતી આ ટોળકી સાસી ગેંગના નામે ઓળખાય છે. આ સાસી ગેંગ મુસાફરો ટ્રેનમાં ઊંઘતાં હોય ત્યારે કરામત કરી જતાં હતાં. ભૂતકાળમાં પણ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આ ટોળકી ઝડપાઈ ચૂકી છે.

# લસકાણામાં તબેલાની આડમાં ભેળસેળિયા ઘીનું વેચાણ

**વેજીટેબલ** ઓઈલ, સોયાબીન તેલ અને એસેન્સ ભેળવી વેચાણ કરતાં કામરેજના શખ્સની ધરપકડ

**320** કિલો ભેળસેળયુક્ત ઘી સહિત રૂ.2.11નો મુદ્દામાલ કબજે

સુરતઃ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્ત્વો સામે સુરત પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શહેરના લસકાણા ગામના એક તબેલાની પાછળ આવેલી દુકાનમાં ચાલતા ભેળસેળયુક્ત ઘીના ગોડાઉન પર પોલીસે દરોડો પાડી રૂ.2,11,865ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે કામરેજના એક શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લસકાણા પોલીસને લસકાણા ગામમાં આહીર સમાજની વાડી પાછળ પીઠાભાઈના તબેલામાં આવેલી દુકાનમાં ભેળસેળયુક્ત ઘી બનાવી વેચાણ કરવામાં આવતું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારીઓ સાથે રાખી પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે પકડાયેલા આરોપી અલ્પેશ ઇશ્વરભાઇ સાંથલીયા (ઉં.વ.30, રહે., સાંઈનાથ સોસાયટી, કામરેજ ચાર રસ્તા) વધુ નફો મેળવવા માટે સોયાબીન અને વેજીટેબલ ઓઇલમાં ઘી બનાવવાનું એસેન્સ ભેળવીને તેને શુદ્ધ ઘી તરીકે છૂટક વેચતો હતો. પોલીસે દરોડા દરમિયાન ભેળસેળયુક્ત 319.54 કિલો ઘી (કિંમત રૂ.79,885), વેજીટેબલ/સોયાબીન ઓઇલ 856 કિલો (કિંમત રૂ.1,25,600) અને એસેન્સ તથા અન્ય સામાન રૂ.6,380 મળી કુલ્લ રૂ.2,11,865નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### 300 રૂપિયાના ભાવે વેચાણ કરતો હતો

આરોપી તબેલાની આડમાં થોડા પ્રમાણમાં ઓરિજનલ ઘી વેજિટેબલ અને સોયાબીન ઓઈલ તથા એસેન્સ ઉમેરી તેને ગરમ કરી ઘી બનાવતો હતો. સ્થાનિકમાં નાની દુકાનોમાં પોતાના તબેલાનુ ઘી હોવાનું કહી 300 રૂપિયામાં વેચાણ કરતો હતો અને તેની પાસે દૂધ લેતાં કેટલાક ગ્રાહકોને 500 રૂપિયામાં વેચતો હોવાનું પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી.

# શહેરમાં ઉત્તરના પવન સાથે કડકડતી ઠંડીનો અહેસાસ

**રાતના** તાપમાનમાં અડધો ડિગ્રી ઘટાડો નોંધાયો

સુરતઃ શહેરમાં ઉત્તર દિશાના પવનો ફૂંકાતા આજે ઠંડીનો અહેસાસ નોંધાયો હતો. ખાસ કરીને સવાર અને રાત્રિના સમયે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. જો કે હવામાન વિભાગે અગાઉ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરી હતી, પરંતુ હાલ છત્તીસગઢ વિસ્તારમાં એન્ટી સાયક્લોન સર્ક્યુલેશન સર્જાતા પવનોની દિશામાં ફેરફાર થવાની શક્યતા ઊભી થઈ છે. તેના કારણે હવે તીવ્ર ઠંડીની સંભાવના ઘટી ગઈ હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે.

જાન્યુઆરી મહિનામાં સામાન્ય રીતે શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી સેલ્સિયસ રહે છે, જ્યારે આજે શહેરમાં મહત્તમ તાપમાન 30.4 ડિગ્રી નોંધાયું હતું, જે સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે. તેવી જ રીતે, ડિસેમ્બરનું સરેરાશ લઘુત્તમ તાપમાન 22.2 ડિગ્રી રહે છે, જ્યારે આજે લઘુત્તમ તાપમાન 15.6 ડિગ્રી નોંધાયું હતું, જેના કારણે રાત્રે ઠંડીનો સ્પષ્ટ અહેસાસ થયો હતો. આજે શહેરમાં હવામાં 64 ટકા જેટલું ભેજ નોંધાયું હતું અને ઉત્તર દિશાથી લગભગ 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. તાપમાનના આંકડાઓ મુજબ મહત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ અડધો ડિગ્રી વધ્યું છે, જ્યારે લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હાલ નબળી પડી રહી છે અને એન્ટી સાયક્લોન સર્ક્યુલેશનના કારણે પવનની દિશા બદલાઈ શકે છે. પરિણામે આગામી દિવસોમાં તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા ઓછી છે. હાલ જે તાપમાન છે તેની આસપાસ જ તાપમાનનો પારો રહેવાની સંભાવના છે, જેના કારણે શહેરવાસીઓને હવે સામાન્ય ઠંડીમાં જ સંતોષ માનવો પડશે.

# રૂ.30.40 લાખનું ગ્રે-કાપડ પડાવી ડિંડોલીનો વેપારી ફરાર

**ઈચ્છાપોરની** કંપની પાસેથી ઉધારમાં માલ લઈ વેપારી સારોલીની દુકાન બંધ કરી છૂ

સુરતઃ પાલ ગૌરવપથ રોડ પર રહેતા એક ટેક્સટાઇલ મેનેજર પાસેથી ગ્રે-કાપડનો રૂ.30.40 લાખનો જથ્થો મંગાવી ચૂકવણી કર્યા વિના વેપારી ફરાર થઈ જતાં ઈચ્છાપોર પોલીસે છેતરપીંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પાલ ગૌરવપથ રોડ પર આવેલી રાજહંસ સ્ટેડિયમ રેસિડેન્સીમાં રહેતા સમીર દલપતભાઈ બારોટ ઈચ્છાપોર-હજીરા રોડ પર આવેલા આર.જે.ડીટેક્સટાઇલ પાર્ક સ્થિત ગેલ ભવાની ક્રિએશન પ્રા. લિ.માં મેનેજર તરીકે ફરજ બજાવે છે. વિવિધ ગુણવત્તાના ગ્રે-કાપડના સેમ્પલ બતાવવા માટે તેઓ બજારમાં વેપારીઓનો સંપર્ક કરતા હતા. આ દરમિયાન માહીરા ફેબ્રિક્સના વેપારી વિક્રમસિંહ રાઠોડ (ઓફિસઃ 6016, સંગીની ટ્રેડ સેન્ટર, સારોલી-કુંભારીયા રોડ, સુરત, રહે., અયોધ્યાનગરી, વેદાંતા સ્કૂલ સામે, ડિંડોલી) દ્વારા સમીરને વોટ્સએપ દ્વારા માલના ઓર્ડર આપવામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ તા. 09/06/2025 થી તા. 24/07/2025 દરમિયાન કુલ રૂ. 30,40,669ની કિંમતનો ગ્રે-કાપડનો માલ સંગીની ટ્રેડ સેન્ટર સ્થિત દુકાન/ઓફિસ પર મોકલી આપવામાં આવ્યો હતો.

45 દિવસ બાદ પેમેન્ટ માટે ઉઘરાણી કરતાં વેપારીએ ફોન પર વાયદાઓ કરી સમય પસાર કર્યો અને ત્યારબાદ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું. એટલું જ નહીં, ભાડે રાખેલી દુકાન તેમજ રહેણાંક મકાન બંધ કરી આરોપી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. સમીર બારોટે ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### ગંદાપાણીની...

બચાવવા અત્યારથી જ એકશન પ્લાન હાથ ધરાય તેવી માંગ ઉઠી રહી છે. કેમકે છેલ્લા એક વર્ષમાં શહેરમાં દુષિત પાણીની 6600થી વધુ ફરિયાદો નોંધાઈ છે. જેમાં 5 ટકા ફરિયાદો એવી છે જેના નિકાલમાં સરેરાસ 10 દિવસથી વધુ સમય લાગ્યો છે.

### ઇન્દોર-ગાંધીનગર જેવી...

ફરિયાદો સાથે મેપિંગ કરવું જોઈએ. જો ફરિયાદોના લોકેશન પર યુદ્ધના ધોરણે તપાસ નહીં કરવામાં આવે, તો આગામી ઉનાળા કે ચોમાસા દરમિયાન સુરતમાં પણ જળજન્ય રોગચાળો કાબૂ બહાર જઈ શકે છે. નાગરિકોએ પણ સાવચેતીના ભાગરૂપે પાણી ઉકાળીને પીવાનો આગ્રહ રાખવો જોઈએ અને સહેજ પણ દુર્ગંધ આવે તો તુરંત ફરિયાદ નોંધાવવી જોઈએ.

### ક્રેઇનથી ઉંચકતી...

સ્ટોરેજ ટેંક ઉપરથી મળી આવી છે.

ગઇકાલે સચિન પોલીસની હાજરીમાં જ કેમિકલ છોડવા આવેલા ટેંકર ચાલક સ્ટોરેજ ટેંકમા માલ ભરી છટકી ગયો હતો .પોલીસે એસિડીક કેમિકલ હોવાથી સ્ટોરેજ ટેંક ક્રેઇનથી ઉંચકી પરત કરવા મથામણ કરી હતી . તે અરસામાં સ્ટોરેજ ટેંક નીચેથી તૂટી જતા એસિડીક કેમિકલ બહાર ઢોળાયું હતું . પોલીસ તપાસમાં ગેરકાયદે રીતે કેમિકલ વેસ્ટ નાંખવા આવેલી ટોળકીનું નામ ઓપન થઇ શકે છે પરંતુ પોલીસ અંદરખાને મામલો દબાવી સુરતને ઝેરી કેમિકલના દોઝખમાં ધકેલી દેવાનું પાપ કરી રહી છે. સચિન પોલીસ પાસે કેમિકલ માફિયાની યાદી છે પરંતુ હપ્તાની મલાઇ સેરવવાની લ્હાયમાં પોલીસ પણ પાપની ભાગીદાર બની રહી છે.

સચિન અને પાંડેસરામાં છાનીછપની રીતે ઝેરી કેમિકલ ઠાલવવા આવતી આખી ગેંગને વધુ કરતૂતો આગામી દિવસોમાં બહાર પાડવામાં આવશે.

### કપરાડા તાલુકામાં...

સ્તબ્ધ થયેલા કેટલાક ગામોના લોકો ધરતીકંપ થયો હોવાનું જાણી ઘરની બહાર નીકળી ગયા હતાં. સરપંચ દ્વારા તલાટીને પણ જાણ કરી દેવાઈ છે.

**સ્ટોન બ્લાસ્ટ, નદીઓમાં પંપિંગ દ્વારા રેતી ખનન જવાબદાર**

અગાઉ એક સરવે પણ કરવામાં આવ્યો હતો. જેમાં ભૂગર્ભમાં ચાલી રહેલી હિલચાલ સ્ટોન બ્લાસ્ટ, નદીઓમાં પંપિંગ દ્વારા રેતી ખનન, અને માટી ખનન પણ જવાબદાર હોવાનું જણાયું હતું. ત્યારે આ મુદ્દે પણ તપાસ થવી જરૂરી છે. નોંધનીય છે કે કપરાડા તાલુકાના અનેક ગામોમાં પથ્થરો તોડવાની પ્રક્રિયા, પથ્થરોની ખાણો આવેલી હોય ત્યાં પણ તપાસ આવશ્યક બની છે. જેથી ધરતીના કંપનની સાચી માહિતી લોકો સુધી પહોંચે.

### ગુપ્તા અને સોનવણે...

છે. ગત રોજ પકડાયેલું કેમિકલ નેતાજીના ખાસ અજીતનું હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. રાજકીય આશીર્વાદના કારણે કેમિકલ કોનું હતું તે મુદ્દે સચિન પોલીસ કાર્યવાહી કરવામાં અસમર્થ દેખાઈ રહી છે. સમગ્ર મામલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થાય તો લાંચખોરીમાં સંડોવાયેલા કેટલાક નામો બહાર આવવાની શક્યતા છે.

### આપઘાત કરવા...

વાંસના બાબુથી બનાવાયેલા સ્ટ્રક્ચર પર ચઢી ગઈ હતી. આ બિલ્ડિંગમાં લિફ્ટના રિપેરિંગનું કામ ચાલી રહ્યું હોવાથી સાતમા માળ સુધી વાંસનું સ્ટ્રક્ચર બાંધવામાં આવ્યું છે. મહિલા ઉપર ચઢતી જોવા મળતાં જ આસપાસના લોકોમાં ગભરાહટ ફેલાયો હતો તેમજ ઘટનાની જાણ થતાં જ હોસ્પિટલ સ્ટાફ અને સિક્યોરિટી ગાર્ડે તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી અને સમજાવટ તથા તકેદારીપૂર્વક મહિલાને સુરક્ષિત રીતે નીચે ઉતારી હતી.

### મલ્ટીનેશનલ કંપનીઓના...

કાર્યરત હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાત્રિના અંધકારમાં કેટલાક ઈસમો નાની બોટ લઈને મધદરિયામાં ઉભેલા જહાજો સુધી પહોંચતા હતા. ત્યાં પાઈપલાઈન મારફતે મોટા પ્રમાણમાં ડીઝલ કાઢી તેને કન્ટેનરોમાં ભરી કાંઠા વિસ્તારમાં લાવવામાં આવતું હતું. આ ડીઝલ બાદમાં આસપાસના વિસ્તારોમાં ઓછી કિંમતે વેચવામાં આવતું હતું.

**જહાજના કર્મચારીઓની મિલીભગતની શંકા**

પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, આ સમગ્ર કૌભાંડમાં જહાજના કેટલાક કર્મચારીઓની મિલીભગત વગર આટલી મોટી માત્રામાં ડીઝલ ચોરી શક્ય નથી. એસઓજી ટીમ દ્વારા જહાજોના દસ્તાવેજો અને કર્મચારીઓની ભૂમિકા અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

**કોલસા કૌભાંડના તાર જોડાવાની શક્યતા**

આ સમગ્ર મામલે કોલસા સંબંધિત ગેરરીતિના તાર પણ જોડાવાની શક્યતા નકારી શકાય નહીં. કાંઠા વિસ્તારના કેટલાક નામચીન લોકો દ્વારા સમગ્ર નેટવર્ક સંચાલિત થતું હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. એસઓજીનું ઓપરેશન હજુ પણ ચાલુ છે અને ટૂંક સમયમાં કેટલું ડીઝલ જપ્ત થયું તેમજ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી તેની સત્તાવાર માહિતી જાહેર થવાની શક્યતા છે.

### ACPની બદલી બાદ...

ચર્ચાનો માહોલ ગરમાયો છે. આંતરિક ચર્ચાઓ મુજબ, એસીપી સહિત અન્ય અધિકારીઓના હિસાબોમાં ગડબડ હોવાની શંકાના પગલે આટલા મોટા કૌભાંડ પર દરોડા પાડવામાં આવ્યા હોવાનું મનાઈ રહ્યું છે. સૂત્રો જણાવે છે કે, આ ડીઝલ ચોરીનું નેટવર્ક લાંબા સમયથી ડુમસ પોલીસના નાક નીચે ચાલતું હતું.

### તેજસ, અમિત અને...

લાંબા સમયથી ડીઝલ ચોરીનું નેટવર્ક ચલાવતા હોવાની શંકાના આધારે પોલીસે તપાસ વધુ તેજ કરી છે. હાલ કેટલાક શખ્સોને ડિટેન કરી પુછપરછ ચાલી રહી છે.

### બેટ પર સંગ્રહ થતું...

કન્ટેનરોમાં સંગ્રહ કરવામાં આવતું હતું. કોઈ એજન્સી દ્વારા દરોડાની શક્યતા હોય ત્યારે બોટ મારફતે ડીઝલ ખસેડવામાં આવતું હતું. એસઓજીના દરોડા દરમિયાન બેટ પર ડીઝલના કન્ટેનરો યથાવત પડેલા હોવાની પણ માહિતી છે.